

# હિંસા અને હું

31/182

નામ :- તર્જની જાગૃતકુમાર
અંજારીઆ

ધોરણ :- 11

શાળા :- શ્રી માતૃછાયા
કન્યાવિદ્યાલય - ભુ


# હિંસા અને હું

સામાન્ય રીતે હિંસા યુદ્ધ કે આતંકવાદ જેવાં દુષ્કૃત્યો વડે વ્યાખ્યાયિત થાય છે. આ બધાં દુષ્કૃત્યો તો હિંસાનાં છે જ પરંતુ હિંસા એ ફક્ત આટલાં જ કૃત્યો પૂરતી મર્યાદિત નથી.

એવું કોઈપણ કર્મ કે જે માણસની પ્રગતિને, તેના વિકાસને અવરોધે છે તે હિંસા. સરળ અર્થમાં એમ પણ કહી શકાય કે જે કર્મ માણસને દુઃખી બનાવે તે હિંસા.

હિંસાના અનેક પ્રકારો ગણાવી શકાય. શારીરિક હિંસા, માનસિક હિંસા, આંતરિક હિંસા, ધાર્મિક કે જાતીય હિંસા, આર્થિક હિંસા વગેરે. કોઈ વ્યક્તિને શારીરિક ઈજા પહોંચાડવી, માનસિક રીતે તનાવ કે દબાણમાં મૂકવું, ડર કે અપમાનના બોજ નીચે દાટવું, ધર્મના નામે હાનિ કે જબરદસ્તી કરવી, વધારે નાણાં પડાવી લેવાં, અવગણના કરવી, ભેદભાવ રાખવો, કોઈ વિશે ખરાબ ભાવના હૃદયમાં રાખવી આ બધા હિંસાઓ જ છે. વળી, હિંસા ચક્રીય રીતે જોવા મળે છે. ઉપરી અધિકારી કર્મચારીને નબળા કામ અંગે કંઈ ઉત્તેજિત થઈ સંભળાવે છે કર્મચારી ત્યારે દલીલ કરી શકતો નથી પરંતુ તે ઘેર જઈ સાહેબનો ગુસ્સો પત્ની પર કે બાળકો પર કાઢે છે અને તેમની સાથે ગેરવર્તન કરે છે. પત્ની તેની સખીઓ કે પડોશીઓ પાસે તેનો ગુસ્સો કાઢે છે આમ, હિંસા એ ચક્રીય રીતે સતત ફર્યા જ કરે છે.

# Types Of Violence



"અહિંસા ક્યારેક કામ કરતી નથી,
પરંતુ હિંસા ક્યારેય કામ કરતી નથી..."

આપણી આસપાસ લગભગ દરેક ક્ષેત્રમાં હિંસા જોવા મળે છે. જેમકે, ખેલજગતમાં. આજે ખેલજગતમાં રમાતી રમતો ફક્ત મનોરંજન કે આનંદ માટે રમાતી નથી. તેમાં પણ અનેક પ્રકારની હિંસક પ્રવૃત્તિઓ જોવા મળે છે. ખેલાડીઓમાં પોતે જીતવાનું અને સામા પક્ષને હરાવવાનું એક ઝનૂન જોવા મળે છે. કેટલાક ખેલાડીઓ તો પોતે જીતવા અને સામા પક્ષને હરાવવા રમતના નિયમો-કાયદાઓનો ભંગ કરે છે અને સામેના ખેલાડીને હાનિ થાય તેવું કૃત્ય કરવામાં સહેજ પણ અચકાતા નથી. હરીફ સાથે મારા-મારી કરે છે, અપશબ્દો બોલે છે, તેને નીચો દેખાડવા પ્રયત્ન કરે છે. તો ઘણી વખત નશીલા દ્રવ્યોનું સેવન પણ કરે છે. પોતે વિજેતા બનવા માટે સામેના ખેલાડીઓને પૈસા આપી મેચ 'ફિક્સ' કરી લે છે! આ બધા હિંસા જ છે ને!

ટેલિવિઝન અને ટેકનિકલ માધ્યમો દ્વારા જાહેરાતો એ ઉપભોક્તાવાદ દ્વારા એક પ્રકારની હિંસક પ્રવૃત્તિઓ જ કરે છે. પોતાના ઉત્પાદનનું વેચાણ વધારવા ગ્રાહકોને ભોળવતી જુદી-જુદી જૂઠું બોલતી પ્રલોભનો દર્શાવતી જાહેરાતો પ્રસારિત કરીને વિશાળ ગ્રાહકવર્ગ ઊભો કરે છે તે હિંસા જ છે. તો વળી આવા મોજ-શોખનાં સાધનોનો ઉપયોગ ન કરી શકતાં નીચલા વર્ગનાં લોકો લઘુતાગ્રંથિથી પીડાય છે અને આંતરિક હિંસાનો ભોગ બને છે. વળી, ઉત્પાદકો સ્વાસ્થ્યને હાનિકર્તા

chetak F-88

The Roots of Violence: Wealth without work, Pleasure without conscience, Knowledge without character, Commerce without morality, Science without humanity, Worship without sacrifice, Politics without principles.



Mahatma Gandhi
Indian Political Leader
(1869-1948)

QuoteHD.com


હાઈકુ :-

ટળે ન દુઃખ
હિંસાથી, દુઃખ ટળે
ફક્ત પ્રેમથી.

ચીજ-વસ્તુઓની પણ લોભામણી જાહેરાતો આપી છે જેથી લોકો તે ખરીદે છે અને પછી ખોટા વ્યસનમાં પડી જાય છે તેમજ નુકસાનકર્તા ચીજોનાં આદિ બની જાય છે. આ પણ જાહેરખબરો દ્વારા આચરવામાં આવતી હિંસા જ છે.

મેં જોયેલી હિંસામાં અસરગ્રસ્ત બીજું ક્ષેત્ર એ રાજકીય અને સામાજિક ક્ષેત્ર. રાજકીય ક્ષેત્રે લોકો આગળ વધવા અને શ્રેષ્ઠ દેખાવા સ્થૂળ હિંસાનો આશરો લેતાં પણ અચકાતા નથી. વળી સામાજિક ક્ષેત્રે હિંસા સ્વરૂપે વિરોધવૃત્તિ, નકારાત્મકતા, કાયદાભંગ જેવી પરિસ્થિતિઓ આવીને ઊભી રહી છે. સમાજમાં વિવિધ પક્ષો એકબીજાના કટ્ટર દુશ્મનો થઈ ગયા છે. બંને એકબીજાની વાતોનો વિરોધ કરે છે અને એકબીજા પ્રત્યે જાહેરમાં ગાળો ભાંડે છે. આ પણ હિંસા જ છે ને ! વળી લોકો સારી વસ્તુનો પણ નકારાત્મક ઉપયોગ કરતા થયા છે સકારાત્મકતા લગભગ નાબૂદ થઈ ચૂકી છે. તેઓ પોતે શ્રેષ્ઠ દેખાવા કોઈપણ હદ સુધી જવા તૈયાર છે. તેઓ કાયદાનો ભંગ કરે છે, વિવેકવૃત્તિનો ત્યાગ કરે છે, લોકોને ભ્રષ્ટ કરે છે ફક્ત પોતે નામના મેળવવા. આ બધાં દુષ્કૃત્યો પણ એક પ્રકારે તો હિંસાનાં જ સ્વરૂપો છે.

66




હાઈકુ :-

હિંસા કદી ના
કરશો, ન બનાવો
તે સર્વવ્યાપી..

"અવેરે જ શમે વેર
શમે ન વેર વેરથી."

દરેક વ્યક્તિ જીવનમાં ક્યારેક ને ક્યારેક તો હિંસાનો અનુભવ કરે જ છે. મારા જીવનમાં મેં પણ ઘણા પ્રકારની હિંસાઓના સામના કર્યા છે. અભ્યાસ હોય પ્રથમ ક્રમાંક લાવવા અને શ્રેષ્ઠતમ દેખાવ કરવા બાબતે તેમજ અન્ય પ્રવૃત્તિઓમાં પણ આગળ રહેવા મારી ઉપર દબાણ લાદવામાં આવે છે જેથી મને મોજ-શોખનો ત્યાગ કરી ફક્ત અભ્યાસ જ કરવો પડે છે અને તે બધા પ્રવૃત્તિઓ સામટી થતાં છેવટે મારા મનને તનાવ પડે છે. મારી જીવનશૈલી બાબતે, મારા પહેરવેશ બાબતે પણ આવું જ બને છે. અન્ય છોકરીઓ જે સાધનો વાપરે છે તે હું વાપરી શકતી નથી. વળી તેમના જેવા કપડાં પણ હું પહેરી શકતી ન હોવાથી મારે સહેલીઓ દ્વારા કરવામાં આવતી શાબ્દિક હિંસાનો ભોગ બનવું પડે છે.

તો વળી ક્યારેક અન્ય ઉપર આચરવામાં આવતી હિંસાનું કારણ હું પણ બનું છું. અભ્યાસ હોય કે અન્ય કોઈ પ્રવૃત્તિઓમાં ઉત્તમ દેખાવ કરવા બદલ કોઈ બાંધવોને કે મિત્ર-સખીઓને વિશિષ્ટ સન્માન પ્રાપ્ત થાય તો હું તેમની અદેખાઈ કરું છું અને એને મારાથી નીચી લેખવા માટે થતાં બધાં જ કારણો તપાસી જોઉં છું. આ મારું કર્મ હિંસા જ છે. તો વળી ક્યારેક હું કોઈ વડીલ કે અન્ય પ્રત્યે અતડાપણું દાખવું છું, તેમની

chetak F-88

હાઈકુ :=

વિશ્વશાંતિનો
પ્રેમ : હિંસાનું નહિં
નામોનિશાન

Non-violence leads to the highest ethics, which is the goal of all evolution. Until we stop harming all other living beings, we are still savages.

અવગણના કરું છું. તેમણે આપેલાં સલાહ કે સૂચનનો સ્વીકાર હું કરતી નથી. મારા પ્રત્યેની તેમની લાગણીને હું ઠેસ પહોંચાડું છું. મારી ટેવો સુધરે તે માટેના તેમના સૂચનો હું ગણકારતી નથી ઉલટો. તેમના પ્રત્યે ગુસ્સો દાખવું છું તો તે પણ હું હિંસા જ કરું છું.

દરેક વ્યક્તિએ પોતાના જીવનમાં હિંસાથી બચવા સ્વવિકાસ, આત્મઉદ્ધાર અને પોતાના મૂલ્યો પ્રત્યે જાગૃત બનવું જોઈએ. જો આપણે આપણાં મૂલ્યોને સુધારીશું, મનને કુદરતની નિકટ લાવીશું, દરેક પરિસ્થિતિમાં શાંત રહીને, સારા-નરસા પરિણામનો વિચાર કરીને, કરવાયોગ્ય કે ન કરવાયોગ્ય કર્મ વચ્ચેનો ભેદ સમજીને પગલું ભરશું તો હિંસાને જરૂરથી નાબૂદ થઈ જશે.

હિંસા નાબૂદ કરવાનો ફક્ત એક જ ઉપાય છે: કુદરત પ્રત્યેની નિકટતા અને મૂલ્યો પ્રત્યેની સભાનતા.

*=*=*

"હણો ન પાપીને દ્વિગુણ બનશે પાપ જગનાં,
લડો પાપની સામે અડગ દિલના ગુપ્ત બળથી."